# વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

## વુડા ભવન, એલ. એન્ડ ટી. સર્કલ, વડોદરા

નં.યુડીએ/પ્લાન-૪/પરવાનગી/ ૯૬ /૨૦૧૮
શહેરી વિકાસ સત્તામંડળ, કારેલીબાગ,
વડોદરા – ૧૮.
તારીખ : ૧૧ - ૦૨ - ૨૦૧૯

પ્રતિ,
શ્રી પટેલ જયેશભાઈ ખેમદાસ તથા
અન્યના કુ.મુ. પારૂલબેન જયેશભાઈ પટેલ,
મુ.પો. બીલ,
તા. જી. વડોદરા

વિષય :- મોજે બીલ, તા.જી.વડોદરાના બ્લોક નં. ૪૪૮, ઓ.પી. ૭૦, એફ.પી. નં. ૧૨૧, ટી.પી. નં. ૧, વાળી જમીનમાં એ-બી, સી, તથા ડી મળી કુલ-૩ લો-રાઇઝ ટાવરોમાં કુલ-૧૧૮ રહેણાંક ફલેટસ તથા વાણીજ્ય હેતુ કુલ - ૪૮ દુકાનો તથા કોમન પ્લોટમાં ૦૧ કલબ હાઉસના બાંધકામ માટે વિકાસ પરવાનગી આપવા બાબત.

સંદર્ભ :- આપની તા.30-૧૧-૨૦૧૮ ની અરજી.

ઉપરોકત વિષય અને સંદર્ભ બાબતે [redacted] વિકાસ પરવાનગી અને અત્રે મંજુર કરવામાં આવેલ નકશા આ સાથે સામેલ છે. જે વિદીત થાય.

નોંધપર મળેલ મુખ્ય કારોબારી અધિકારીશ્રીની મંજુરી અનુસાર

નગર નિયોજનક
શહેરી વિકાસ સત્તામંડળ,
વડોદરા

બિડાણ :- (૧) વિકાસ માટે પરવાનગી પત્ર
(૨) મંજુર કરેલ નકશા.

નકલ રવાના પ્રતિ :-
- કલેકટરશ્રી, બિનખેતી શાખા, કલેકટર કચેરી, વડોદરા તરફ જાણ સારૂ તથા
- જીલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર કચેરી, વડોદરા તરફ જાણ સારૂ.

# વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

વુડા ભવન, એલ. એન્ડ ટી. સર્કલ, વડોદરા

## વિકાસ પરવાનગી

શ્રી પટેલ જયેશભાઈ ખેમદાસના કુ.મુ. પારૂલબેન જયેશભાઈ પટેલ,ગામ બીલ, તા.જી.વડોદરાના બ્લોક નં. ૪૪૮, ઓ.પી. ૭૦, એફ.પી. નં. ૧૨૧, ટી.પી. નં. ૧, જમીનનું ક્ષેત્રફળ ૩૮૭૨.૦૦ ચો.મી.માં. બેઝમેન્ટ પાર્કીંગ, ગ્રાઉન્ડ ફ્લોર ૧૦૩૦.૬૧ ચો.મી., ફર્સ્ટ ફ્લોર ૧૪૭૩.૮૩ ચો.મી., સેકન્ડ ફ્લોર ૧૩૨૦.૯૩ ચો.મી., થર્ડ ફ્લોર ૧૩૨૦.૯૩ ચો.મી., ફ્રોર્થ ફ્લોર ૧૩૨૦.૯૩ ચો.મી. ફિફ્થ ફ્લોર ૧૩૨૦.૯૩ ચો.મી, સીક્સ ફ્લોર ૧૩૨૦.૯૩ ચો.મી. તથા સેવન્થ ફ્લોર ૧૩૨૦.૯૩ ચો.મી. મળી કુલ બાંધકામ ક્ષેત્રફળ ૧૦૪૩૦.૦૨ ચો.મી. એ-બી, સી, તથા ડી મળી કુલ-૩ લો-રાઇઝ ટાવરોમાં કુલ-૧૧૮ રહેણાંક ફ્લેટસ તથા વાણીજ્ય હેતુ કુલ - ૪૮ દુકાનો તથા કોમન પ્લોટમાં ૦૧ ક્લબ હાઉસના બાંધકામ માટે નીચેની ખાસ શરતોને અને પાછળ દર્શાવેલ સામાન્ય શરતોને આધીન રહી ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬(સને ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ નં.૨૭)ની કલમ-૨૯/૧(૧),૨૯/૧(૨)હેઠળ આથી વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

ખાસ શરતો :-

૧. સ્થળે બાંધકામ શરૂ કરતા પહેલા ૭ (સાત) દિવસ અગાઉ ફોર્મ ૧૦, ૧૧, સ્ટ્રકચરલ ડીટેઇલ ડ્રોઇગ તથા સ્ટ્રકચર્લ સ્ટેબીલીટી સર્ટી રજુ કરવાના રહેશે.

૨. કોમન પ્લોટ તથા કોમન પ્લોટમાં આયોજીત ક્લબ હાઉસની માલિકી સોસાયટીના તમામ સભ્યોની સંયુકત રહેશે. કોમન પ્લોટ વેચી શકાશે નહી. કોમન પ્લોટમાં ગુજરાત વિદ્યુત બોર્ડના ટ્રાન્સફોર્મર માટે અલાયદી જગ્યા રાખવાની રહેશે.

૩. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના હુકમ ક્રમાંક : વનમ-૧૦૦૮-૩૨૬૦-લ, તા.૧૦/૩/૨૦૧૦ ની જોગવાઇ મુજબ કુલ-૫૮ વૃક્ષોનુ વાવેતર/જાળવણી કરવાની રહેશે.

૪. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના પરિપત્ર નં.પરચ/૧૦૨૦૦૪/૧૯૬૧/લ, તા.૨૭/૭/૨૦૧૦ ની જોગવાઇ મુજબ પરકોલેટીંગ વેલની જોગવાઇ કરવાની રહેશે.

૫. સ્ટેટ ફાયર પ્રીવેન્શન સર્વીસીસ, ગાંધીનગર, ગુજરાત નું "ના-વાંધા પ્રમાણપત્ર" નં. SFPS/F No.84/534/2018. dt.07/12/2018 ની શરતોનુ પાલન કરવાનુ રહેશે. (નકલ સામેલ છે.)

૬. જી.ડી.સી.આર-૨૦૦૬ ની કલોઝ નં. ૩.૬ ની મેન્ડેટરી ડીસ્કલોઝરની જોગવાઇનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૭. અરજદારશ્રીની રજુઆત અન્વયે પ્રિમીયમ ફી પેટે ભરવાની થતી રકમના ૩ હપ્તા કરી આપવામાં આવેલ છે. તે રકમ તે મુજબ સમયસર ભરપાઈ કરવાની રહેશે તથા આ એડવાન્સ ચેક, કોઈપણ કારણોસર પરત આવશે તો તમામ હપ્તાની રકમ એક સાથે ભરપાઈ કરવાની રહેશે અન્યથા વિકાસ પરવાનગી રદ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૮. ઓક્યુપન્સી સર્ટીફીકેટ લેતા પહેલા ફાયનલ ફાયર NOC ("ના વાંધા પ્રમાણપત્ર") રજુ કરવાનું રહેશે.

૯. પ્લીન્થચેક સર્ટીફીકેટ મેળવતા અગાઉ રેરા સર્ટીફીકેટ રજુ કરાવાનું રહેશે. ગુજરાત રીયલ એસ્ટેટ રૂલ્સ-૨૦૧૬ની જોગવાઇઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૧૦. પ્લીન્થચેક સર્ટીફીકેટ મેળવતા અગાઉ રીવાઈઝડ વાણીજ્ય હેતુનુ બીન ખેતી હુકમ રજુ કરાવાનો રહેશે.

૧૧. સવાલવાળી જમીનમાં લાઇટ, પાણી, ગટર અંગે વુડા અથવા અન્ય સંસ્થા કાયમી વ્યવસ્થા કરે ત્યાં સુધી સંપુર્ણ જવાબદારી અરજદારશ્રીની રહેશે.

૧૨. કોમન જીડીસીઆરની જોગવાઇ મુજબ ઓક્યુપન્સી મેળવતા અગાઉ ૦૩ ટાવરનો ઇન્સ્યોરન્સ લઇ રજુ કરવાનો રહેશે.

૧૩. વિકાસ પરવાનગી મંજુર થયેની તારીખથી એક વર્ષ પુર્ણ થયા પહેલા રીવેલીડેટ કરાવવાની રહેશે.

નોંધપર મળેલ મુખ્ય કારોબારી અધિકારીશ્રીની મંજુરી અનુસાર
મંજુર કરેલ પ્લાનની નકલ આ સાથે સામેલ છે.

નગર નિયોજક
શહેરી વિકાસ સત્તામંડળ,
વડોદરા

નં.યુડીએ/પ્લાન-૪/પરવાનગી/ ૯૪ /૨૦૧૮
શહેરી વિકાસ સત્તામંડળ,
કારેલીબાગ, વડોદરા – ૧૮.
તા. ૨૧ /૦૨/૨૦૧૯

નકલ રવાના પ્રતિ :-

- કલેકટરશ્રી, બિનખેતી શાખા, કલેકટર કચેરી, વડોદરા તરફ જાણ સારૂ તથા
- જીલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર કચેરી, વડોદરા તરફ જાણ સારૂ.